# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

***Date : 25-08-2024*** ***Evening : 7.50 to 8.00 PM***
***Day : Sunday*** ***National News***

આકાશવાણી- સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

*****************************************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમમાં અંતરિક્ષ ક્ષેત્રે સુધારાથી યુવાનોની ટેકનોલોજીને બિરદાવી – પેરિસ પેરાલ્મિપિક ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા કરી દેશવાસીઓને અપીલ.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રના જલગાંવમાં 11 લાખ નવી લખપતી દીદીઓને પ્રમાણપત્રો એનાયત કર્યા.
- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે છત્તીસગઢમાં કહ્યું છે કે ગેરકાયદેસર ડ્રગ્સના વેપારના નેટવર્કને ખતમ કરવાની જરૂર છે સરકાર તેની સામે ઝીરો ટોલરન્સની નીતિ સાથે આગળ વધશે.
- રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિએ જન્માષ્ટમીના પર્વ નિમિતે દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે.
- અને ગુજરાત સહિત દેશના કેટલાક ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની અગાહી છે.

**************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM MANN KI BAAT NEW

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે દેશના યુવાનોને અંતરિક્ષ ક્ષેત્રે સુધારાથી ઘણો ફાયદો થયો છે. આકાશવાણી પરથી પ્રસારિત મન કી બાત

કાર્યક્રમમાં રાષ્ટ્રને સંબોધિત કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે દેશમાં ઘણું એવું થઈ રહ્યું છે જેનાથી વિકસીત ભારતના પાયા મજબૂત બની રહ્યા છે.

તેમણે રાષ્ટ્રીય અવકાશ દિવસનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે આ મહિનાની 23 તારીખે દેશવાસીઓએ પહેલો રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસ અને ચંદ્રયાન -3ની સફળતાનો ઉત્સવ મનાવ્યો.

શ્રી મોદીએ કહ્યું કે આ વર્ષે લાલ કિલ્લાએથી યુવાનોને રાજકારણમાં જોડાવવાના તેમના આહ્વાનને બહોળો પ્રતિસાદ મળ્યો છે. હર ઘર તિરંગા ઝુંબેશ વિશે વાત કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું કે જમ્મૂ કાશ્મીરના રિયાસીમાં વિશ્વના સૌથી ઉંચા પૂલ, ચિનાબ રેલવે પૂલ ઉપર 750 મીટર લાંબી તિરંગા યાત્રા કાઢવામાં આવી. જ્યારે અરૂણાચલ પ્રદેશના કામેંગ જિલ્લામાં 600 ફૂટ લાંબી તિરંગા યાત્રા નીકળી હતી. શ્રી મોદીએ કહ્યું કે આ અભિયાને સમગ્ર દેશને એક સૂત્રમાં બાંધ્યો છે, અને આ જ એક ભારત, શ્રેષ્ઠ ભારત છે.

પ્રધાનમંત્રી મોદીએ લોકોને ‘કેચ ધી રેન મૂવમેન્ટ’ અને ‘એક પેડ મા કે નામ’ ઝુંબેશમાં ભાગ લેવાનો આગ્રહ કર્યો.

19 ઓગષ્ટે આયોજીત વિશ્વ સંસ્કૃત દિવસ વિશે વાત કરતા શ્રી મોદીએ જણાવ્યું કે, લિથુએનિયાના પ્રોફેસર વાયતિસ વિદ્દનાસે ‘સંસ્કૃત ઑન ધી રિવર્સ’ નામનું એક અનોખું અભિયાન શરૂ કર્યું છે.

પ્રધાનમંત્રી મોદીએ પેરિસ પેરાલિમ્પિકનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે દેશના એકસો ચાળીસ કરોડ નાગિરકો ભારતીય ખેલાડીઓનો ઉત્સાહ વધારી રહ્યા છે. તેમણે લોકોને હેશ ટેગ ચીયર ફોર ભારત સાથે ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા જણાવ્યું.

વધુમાં તેમણે જન્માષ્ટમી, ગણેશ ચતુર્થી, ઓણમ, મિલાદ-ઉન-નવી અને તેલુગુ ભાષા દિવસની શુભેચ્છા પાઠવી હતી.

**PM LAKHPATI DDI**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મહારાષ્ટ્રના જલગાંવમાં લખપતિ દીદી મહાસંમેલનમાં 11 લાખ નવી લખપતી દીદીઓને પ્રમાણપત્રો એનાયત કર્યા હતા. આ લખપતી દીદી પ્રતિવર્ષ એક લાખ રૂપિયાથી વધુની આવકની કમાણી કરી રહી છે, અને દેશમાં તેમની સંખ્યા એક કરોડથી વધારે છે. એનડીએ સરકારના ત્રીજા કાર્યકાળમાં હાલમાં 11 લાખ જેટલી નવી લખપતિ દીદી બની હોવાનું પ્રધાનમંત્રીએ જણાવ્યુ હતું.

**(BYTE – PM MODI)**

આ પ્રસંગે સંબોધન કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે દેશની નારીશક્તિએ સમાજ અને દેશના ભવિષ્ય નિર્માણમાં હમેશા યોગદાન આપ્યું છે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું કે સરકાર મહિલાઓ માટે તમામ ક્ષેત્રો ખોલવાની દિશામાં કામ કરી રહી છે, જે એક સમયે તેમના માટે પ્રતિબંધિત હતા. પ્રધાનમંત્રીએ કહ્યું કે મહિલાઓ પર અત્યારચાર કારાનારા દોષિતોને છોડવા ન જોઈએ.

તેમણે ઉમેર્યું હતું કે હોસ્પિટલો, શાળાઓ, કચેરીઓ અથવા પોલીસ તંત્ર જેવી જાહેર સંસ્થાઓને મહિલા સુરક્ષા માટે જવાબદાર બનાવવી જોઈએ. અને આ દિશામાં કોઈ પણ પ્રકારની બેદરકારી અસ્વીકાર્ય છે.

## NARCOTICS-CONTROL-BUREAU

કેન્દ્રીય ગૃહમંત્રી  અમિત શાહે  કહ્યું છે કે ગેરકાયદેસર ડ્રગ્સના વેપારના નેટવર્કને ખતમ કરવાની જરૂર છે અને સરકાર તેની સામે ઝીરો ટોલરન્સની નીતિ સાથે આગળ વધશે. છત્તીસગઢના નવા રાયપુરમાં નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોના પ્રાદેશિક કાર્યાલયનું વર્ચ્યુઅલ રીતે ઉદ્ઘાટન કરતાં તેમણે  આ પ્રમાણે જણાવ્યું. આ પ્રસંગે, કેન્દ્રીય ગૃહમંત્રીની અધ્યક્ષતામાં છત્તીસગઢમાં ડ્રગ્સ ,નશીલા દ્રવ્યોની  સ્થિતિ પર સમીક્ષા બેઠકનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં છત્તીસગઢના

મુખ્યમંત્રી વિષ્ણુદેવ સાંઈ, કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાય અને છત્તીસગઢના નાયબ મુખ્યમંત્રી વિજય શર્મા સહિત કેન્દ્ર અને રાજ્ય સરકારોના વરિષ્ઠ અધિકારીઓએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે શ્રી શાહે જણાવ્યું હતું કે, ભારતની આઝાદીના 100 મા વર્ષે 2047 સુધીમાં દેશને નશામુક્ત બનાવવાનો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો સંકલ્પ હવે દરેક દેશવાસીઓનો સંકલ્પ બની રહ્યો છે. તેમણે કહ્યું કે ગેરકાયદેસર ડ્રગ્સનો વેપાર રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલો છે. આમાંથી આવતા નાણાં આતંકવાદ અને ડાબેરી ઉગ્રવાદને પ્રોત્સાહન આપે છે અને દેશની અર્થવ્યવસ્થાને નબળી પાડે છે.

કેન્દ્રીય ગૃહમંત્રીએ છત્તીસગઢની તેમની મુલાકાત દરમિયાન નવા રાયપુરમાં "પીપલ ફોર પીપલ" અભિયાન શરૂ કર્યું. આ અભિયાન "એક પેડ મા કે નામ" અભિયાન હેઠળ ચલાવવામાં આવી રહ્યું છે. આ અંતર્ગત આ વિસ્તારમાં એક લાખથી વધુ રોપાઓ વાવવામાં આવશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો.

## PREZ-JANAMASHTAMI-GREETINGS. & VP-JANMASHTAMI

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જન્માષ્ટમીના પર્વ નિમિતે વિદેશમાં વસતા તમામ નાગરિકો અને ભારતીયોને શુભેચ્છા પાઠવી છે. પોતાના સંદેશમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે આનંદનો આ તહેવાર આપણને ભગવાન શ્રી કૃષ્ણના દિવ્ય આદર્શો પ્રત્યે સમર્પિત થવાની પ્રેરણા આપે છે. સુશ્રી મુર્મુએ કહ્યું કે શ્રીમદ ભગવદ્ ગીતા, શ્રી કૃષ્ણ અને અર્જુન વચ્ચેનો સંવાદ, સમગ્ર માનવતા માટે પ્રેરણા અને જ્ઞાનનો શાશ્વત સ્રોત

છે. તેમણે વધુમાં ભગવાન શ્રી કૃષ્ણના ઉપદેશોને આત્મસાત કરવા અને દેશની પ્રગતિ અને સમૃદ્ધિ માટે કામ કરવાનો સંકલ્પ કરવા સૌને વિનંતી કરી.

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે જન્માષ્ટમીના પર્વ નિમિતે દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. એક સંદેશમાં શ્રી ધનખડે કહ્યું કે આ તહેવાર ધર્મના શાશ્વત મૂલ્યો, બુરાઈ પર ભલાઈની જીત, તેમજ સત્ય અને કરુણા આધારિત જીવનનું મહત્વ દર્શાવે છે.

## JAIPUR PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ન્યાય વ્યવસ્થા શક્ય તેટલી સરળ અને સ્પષ્ટ હોય એ સામાજિક જવાબદારી છે. જોકે દેશમાં આ વ્યવસ્થા મુશ્કેલ હોવાનું તેમણે જણાવ્યું. જોધપુરમાં રાજસ્થાન વડ઼ી અદાલતના 70 વર્ષ પૂર્ણ થયા પ્રસંગે સંબોધન કરતા શ્રી મોદીએ જણાવ્યું કે, દેશે ન્યાય પ્રાણાલીને સરળ બનાવવાની દિશામાં ઘણા ઐતિહાસિક અને નિર્ણાયક પગલાં લીધા છે. તેમણે ફોજદારી કાયદાઓનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે સરકારે ઘણા કાયદા રદ કર્યા છે, જે જૂના થઈ ગયા છે. વધુમાં તેમણે કહ્યું કે કાયદામાં સુધારા એ સમયની માગ છે.

## WEATHER

ગુજરાત સહિત દેશના અનેક ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની અગાહી છે. હવામાન વિભાગે રાજસ્થાન, ગુજરાત, મધ્ય પ્રદેશ, કોંકણ અને ગોવામાં ભારે વરસાદની આગાહી કરી છે.

આ ઉપરાંત તટિય પશ્ચિમ બંગાળ, કર્ણાટક અને ઓડિશામાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. વિદર્ભમાં આગામી બે દિવસમાં ભારે વરસાદ પડી શકે છે.

ઉત્તર પૂર્વીય ભારતની વાત કરીએ તો, સિક્કીમ, પશ્ચિમ બંગાળના પર્વતીય વિસ્તારો, ઝારખંડ, છત્તીસગઢ, પૂર્વીય ઉત્તર પ્રદેશ, તેલંગાણા, કેરળ,

આંદમાન નિકોબાર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડમાં હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે.

## JITENDRA-US-MEET

કેન્દ્રીય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે નવી દિલ્હીમાં અમેરિકા-ભારત નાગરિક પરમાણુ વાણિજ્ય સહકાર પર દ્વિપક્ષી બેઠકની અધ્યક્ષતા કરી. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રાલયે આજે જણાવ્યું હતું કે આ બેઠકમાં વિજ્ઞાન, ટેકનોલોજી અને સ્વચ્છ ઉર્જા સહિતના મહત્વના ક્ષેત્રોમાં બંને દેશો વચ્ચે વધતા સહકાર પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

બેઠક દરમિયાન, ડૉ. સિંહે જાહેરાત કરી હતી કે ગગનયાન મિશનમાંથી એક ભારતીય અવકાશયાત્રી આંતરરાષ્ટ્રીય અવકાશ સ્ટેશનમાં જોડાવા માટે તૈયાર છે, જે ભારત- અમેરિકા અવકાશ સહયોગમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. તેમણે વૈશ્વિક પુરવઠા સાંકળોને સુરક્ષિત કરવા માટે આ ભાગીદારીના મહત્વ પર ભાર મૂક્યો હતો. આમાં ખાસ કરીને સેમિકન્ડક્ટર્સ, ફાર્માસ્યુટિકલ્સ અને સ્વચ્છ ઉર્જા ટેક્નોલોજી જેવા ક્ષેત્રોનો સમાવેશ થાય છે.

ભારતના નેશનલ રિસર્ચ ફાઉન્ડેશન અને અમેરિકાના નેશનલ સાયન્સ ફાઉન્ડેશન વચ્ચે સમાનતાઓ દોરતા, ડૉ. સિંઘે વૈજ્ઞાનિક સંશોધન અને નવીનતાને આગળ વધારવામાં બંને સંસ્થાઓની મહત્વપૂર્ણ ભૂમિકાઓ પર પ્રકાશ પાડ્યો.

અમેરિકાના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ અમેરિકાના પ્રમુખના આંતરરાષ્ટ્રીય આબોહવા નીતિના વરિષ્ઠ સલાહકાર જ્હોન પોડેસ્ટા અને અમેરિકા ડિપાર્ટમેન્ટ ઓફ એનર્જીના ડેપ્યુટી સેક્રેટરી ડેવિડ તુર્કે કર્યું હતું. બંને દેશોએ આર્થિક વિકાસ, રાષ્ટ્રીય સુરક્ષા અને તકનીકી પ્રગતિમાં વૈશ્વિક નેતૃત્વને વધારવામાં પરસ્પર હિત સાથે ઉભરતી તકનીકોમાં તેમના સહયોગને મજબૂત કરવાની તેમની પ્રતિબદ્ધતા દોહરવી હતી.

## CHIRAG-PASWAN-PRESIDENT

કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાન ફરી એકવાર આગામી પાંચ વર્ષ માટે લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ)ના અધ્યક્ષ તરીકે ચૂંટાયા છે.

રાંચીમાં પાર્ટીની રાષ્ટ્રીય કાર્યકારિણીની બેઠકમાં સર્વસંમતિથી આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

શ્રી પાસવાને કહ્યું કે બેઠકમાં હરિયાણા, જમ્મુ-કાશ્મીર અને ઝારખંડની વિધાનસભાની ચૂંટણીઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે ઝારખંડમાં પાર્ટી તેના સહયોગી ભારતીય જનતા પાર્ટી સાથે અથવા એકલા ચૂંટણી લડી શકે છે.

## TELANGANA-CM

તેલંગાણાના મુખ્યમંત્રી રેવન્ત રેડ્ડીએ જણાવ્યું હતું કે તેમની સરકાર આગામી શૈક્ષણિક વર્ષમાં રમતગમત યુનિવર્સિટીની સ્થાપના કરશે.. જેમાં ઉદ્દેશ્ય સાથે ઓલિમ્પિક ચંદ્રક જીતી શકે તેવા ખેલૈયાઓ તૈયાર કરવામાં આવશે. તેમણે કહ્યું કે રમતગમત યુનિવર્સિટી ખેલાડીઓને તાલીમ આપવા માટે આંતરરાષ્ટ્રીય કોચની મદદ કરશે. મુખ્યમંત્રી આજે હૈદરાબાદના ગચીબોવલી સ્ટેડિયમ ખાતે NMDC હૈદરાબાદ મેરેથોન 10 કિલોમીટર અને 5 કિલોમીટરની દોડના સમાપન સમારોહમાં બોલી રહ્યા હતા. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે યુવાનોને વિવિધ ક્ષેત્રોમાં કૌશલ્ય પ્રદાન કરવા તાજેતરમાં સ્થપાયેલી કૌશલ્ય યુનિવર્સિટીની જેમ જ રમતગમત યુનિવર્સિટીનું આયોજન કરવામાં આવ્યું છે. હૈદરાબાદમાં રમતગમત યુનિવર્સિટીની સ્થાપના માટે દક્ષિણ કોરિયન સ્પોર્ટ્સ યુનિવર્સિટી સાથે કરાર કરવામાં આવ્યો હતો

## ISRAEL-LEBANON

ઇઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે આજે ઇઝરાયેલ-લેબનોન સરહદ પર ભારે ગોળીબાર થયો છે. ઇઝરાયેલી દળોએ

લેબનોનમાં હિઝબુલ્લાહના ટાર્ગેટ પર હવાઈ હુમલો કર્યો. સેનાએ એવો પણ દાવો કર્યો હતો કે હિઝબુલ્લાહ દ્વારા મોટા હુમલાની યોજના બનાવવામાં આવી રહી છે. ઇઝરાયેલ સંરક્ષણ દળોએ અહેવાલ આપ્યો કે લગભગ 100 યુદ્ધ વિમાનોએ 40 થી વધુ સ્થાનો પર હુમલો કર્યો, હજારો હિઝબોલ્લા રોકેટ લોન્ચર બેરલનો નાશ કર્યો. હિઝબુલ્લાએ જવાબી કાર્યવાહીમાં ઇઝરાયેલ પર મોટા હુમલાના પ્રથમ તબક્કાની શરૂઆતની જાહેરાત કરી હતી. જૂથે 11 લશ્કરી સ્થળોને નિશાન બનાવીને ઈઝરાયેલ પર 320 રોકેટ અને ડ્રોન છોડ્યા હોવાનો દાવો કર્યો હતો.

## HIZBULLAH

પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં હિજબુલ્લાહે સૈન્ય કમાન્ડર ફ્રૌદ શુકુરની હત્યાથી રોષે ભરાઈને ઇઝરાયેલ પર જવાબી હુમલો કર્યો છે. એક નિવેદનમાં હિજબુલ્લાહે કહ્યું છે કે તેના લાડકુઓએ ઇઝારાયેલમાં મોટી સંખ્યામાં ડ્રોન અને મિસાઇલનો ઉપયોગ કરતા આ હુમલો કર્યો હતો. જોકે હુમલામા થયેલા જાન-માલના નુકસાન વિશે તેણે કોઈ જ માહિતી આપી નથી.

આ તરફ ઇઝરાયેલે એક નિવેદનમાં કહ્યું છે કે હિજબુલ્લાના હુમલા પહેલાથી લેબનાનમાં સો જેટલા લડાકૂઓ સાથે સુરક્ષાત્મક હુમલો કર્યો છે.

ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ જણાવ્યું કે આ હુમલામાં હજારો રોકેટ નષ્ટ કરાયા છે, જ્યારે 40થી વધુ લૉન્ચ પ્લેટફોર્મ પર હુમલા કરાયા હતા.

આ તરફ આંતરરાષ્ટ્રીય સમુદાય આ સમગ્ર ઘટનાક્રમ પર નજર રાખી રહ્યું છે. અમેરિકાના સંરક્ષણમંત્રી લૉયડ ઑસ્ટિને આજે હુમલા સંદર્ભે નેતન્યાહૂ સાથે વાત કરી હતી. તેમણે આ વાતચીતમાં ઇઝરાયેલને અમેરિકાના સમર્થનની પુષ્ટિ કરી હતી.